R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 22•ISSUE: 19 DATE: 12-05-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશભરમાં પીડીતાઓને એક સરખું વળતર ચુકવવાની રાહતનીતિ સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર તૈયાર

યૌન ઉત્પીડન અને એસિડ એટેક જેવી જધન્ય ઘટનાઓમાં પીડીત મહિલાઓને આર્થિક મદદ આપવા માટે નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીએ વળતરની રકમ નક્કી કરી છે.કેન્દ્ર સરકાર સાથે ચર્ચા વિચારણા પછી ઓથોરીટીએ રુપીયા પાંચથી સાત લાખનું વળતર આપવાની રાહતનીતિ તૈયાર કરી છે. આ યોજના અંતગર્ત બળાત્કાર અને ગેગરેપ પીડીતો માટે વળતરની લઘુતમ રકમ નક્કી કરાશે.ઓથોરીટીએ જણાવ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના આદેશના આધારે આ યોજના તૈયાર કરાઈ છે.સુપ્રીમ કોર્ટે બળાત્કાર,ગેગરેપ, અને એસિડ એટેકથી પીડીત મહિલા અને તેના પરિવારને મદદ આપવાનો આદેશ કર્યો છે.

યોજના અતંગર્ત ગેગરેપ અથવા મોતના કિસ્સામાં પીડીત અથવા તેના પરિવારને લઘુત્તમ પાંચથી દસ લાખનું વળતર ચુકવવામાં આવશે.તે ઉપરાંત બળાત્કાર અથવા સૃષ્ટિ વીરુધ્ધના કૃત્યમાં લઘુત્તમ રુપીયા ૪ લાખ અપાશે.શરીરના કોઈ અંગને નુકશાન થવા અથવા ૮૦ ટકા વિકલાંગતાની સ્થિતિમાં રુપીયા બે લાખ ચુકવાશે.ગંભીર ઈજા માટે પણ બે લાખ રુપીયા ચુકવાશે.આ યોજના તમામ રાજ્યોમાં લાગુ થશે. જો ગર્ભવતી મહિલા પર બળાત્કાર થયો હોય તો ગર્ભપાતની સ્થિતિમાં રુપીયા બે લાખનું લઘુત્તમ વળતર ચુકવાશે.

યોજના અનુસાર મહિલા એક કરતાં વધુ અપરાધનો શિકાર બની હોય તો તેને વળતરની તમામ રકમ મળશે.અત્યારે અલગ અલગ રાજ્ય સરકારો દ્વારા અલગ અલગ વળતર ચુકવવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે સૈધ્ધાંતિક રીતે આ પ્રકારની યોજના લાગુ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.બેન્ચે જણાવ્યુ હતું કે અલગ અલગ રાજ્યોમાં પીડીતાને અલગ અલગ વળતર હોઈ શકે નહીં. બળાત્કારના મામલામાં પીડીતાઓ સાથે કોઈ પ્રકારનો ભેદભાવ થવો જોઈએ નહીં.વળતરની રકમ એક સરખી હોવી જોઈએ.

એસિડ એટેકના કિસ્સામાં જો પીડીત મહિલાને ૧૦૦ ટકા ઈજા પહોચી હોય તો રુપીયા ૭ લાખ ૫૦ ટકા શરીરને ઈજા પહોચી હોય તો રુપીયા પાંચ લાખ વળતર અપાશે.યોજના અંતગર્ત એસીડ એટેકની પીડીતાને પહેલા ૧૫ દિવસમાંજ રુપીયા એક લાખની રકમ ચુકવી દેવાશે.ત્યાર બાદ બે મહિનામાં પુરી રકમ ચુકવાશે.

## એચ૧બી વિઝામાં ૪ ટકાના ઘટાડો છતાં ૬૩ટકા ભારતીયોને ફાળે વધુ વિઝા આવ્યા

અમેરિકાની ઈમીગ્રેશન સેવાએ ૩૦ સપ્ટે.૨૦૧૭ના રોજ પુરા થતાં ૧૨ વર્ષમાં અમેરિકા દ્વારા ઈસ્યુ થયેલા એચ ૧બી વીઝા અંગેનો અહેવાલ જાહેર કર્યો છે.અહેવાલમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૬માં ભારતીયોને ઈસ્યુ થયેલા ૭૦,૭૩૭ એચ ૧બી વિઝાને મુકાબલે વર્ષ ૨૦૧૭ દરમિયાન ભારતીયોને ૬૭૮૧૬ વિઝા ઈસ્યુ થયા હતા.કહી શકાય કે ભારતીયોને ફાળવવામાં આવતાં એચ ૧બી વિઝામાં ૪ ટકાનો ઘટાડો થયો હતો. પરંતુ આ સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલા કુલ ૧.૦૮ લાખ વિઝા પૈકી ૬૩ ટકા એચ૧બી વિઝા પ્રાપ્ત કરીને ભારતીયો ટોચ પર રહ્યા હતા.વર્ષ ૨૦૧૬ની વાત કરવામાં આવે તો ઈસ્યુ થયેલા ૧.૧૪ લાખ વિઝા પૈકી ૬૨ ટકા વીઝા ભારતીયોને ફાળે આવ્યા છે.ઈમીગ્રેશન નિષ્ણાતોના જણાવ્યા મુજબ ભારતીયોને મળતાં રહેતા એચ ૧બી વિઝામાં થયેલો ઘટાડો૪ ટકાનો ઘટાડો સુચવે છે. કે ટ્રમ્પની સંરક્ષણવાદી નીતિઓ અંતગર્ત મોટી સંખ્યામાં અરજીઓ રીજેક્ટ થઈ છે.આ બાબત એમ પણ સુચવે છે કે ટીસીએસ,ઈન્ફોસીસ કે વિપ્રો જેવી ભારતીય આઈટી કંપનીઓએ પણ મોટાપાયે સ્થાનિક ભરતી કરી છે.

## પર્યાવરણમાં આવેલા ફેરફારોને કારણે ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં કહેર વર્તાયો

ભારે બરફવર્ષાથી બદરીનાથ-કેદારનાથમાં યાત્રા પર ગયેલા અનેક યાત્રાળુઓ ફસાઈ ગયા જેમાં કેટલાકના મોત નિપજ્યાના અહેવાલો મળ્યા છે.રાજસ્થાન,હરિયાણા,યુપી અને બિહારના વિસ્તારોમાં ધુળની તોફાની આંધી ફરી વળી છે.તેની સાથે વરસાદ પડવાનું પણ શરુ થઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી ભારે ગરમીનો પ્રકોપ ચાલી રહ્યો હતો અને ત્યારબાદ પલટાયેલી પરિસ્થિતિમાં ધુળની આંધીએ જનજીવનને વેરવિખેર કર્યું છે.હજુ પરિસ્થિતિ વધુ બગડવાની સંભાવના છે.બદરીનાથ -કેદારનાથ ખાતે ૭૦ માઈલની ઝડપે ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે.જેના કારણે યાત્રાળુઓ વચ્ચે ફસાઈ ગયા છે.કુમાઉ ખાતે ૪ જેટલા વ્યક્તિઓના મોત નિપજ્યા હોવાના અહેવાલો મળ્યા છે.

## કર્ણાટકમાં ચુંટણી પ્રચારમાં ઉતરેલા સોનિયા ગાંધીએ મોદી ઉપર અનેક મુદ્દે ચાબખા માર્યા

કર્ણાટકમાં કોગ્રેસનો પ્રચાર કરવા માટે વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ રેલીને સંબોધતાં મોદી પર અનેક મુદ્દે ચાબખા માર્યા હતા.તેમણે કહ્યુ હતું કે મોદીને એ વાતનો ગર્વ છે કે તેઓ સારુ ભાષણ આપે છે. તેઓ એક સારા વક્તા અને સારા અભિનેતા છે પણ તેમના ભાષણથી દેશવાસીઓનું પેટ ભરાવવાનું નથી.લોકોને રોજગારી મળવાની નથી કે ખેડુતોને રાહત અને સુવિધા મળવાના નથી.આના માટે મજબુત ઈરાદાઓ જોઈએ અને વચનોનું પાલન કરવું જોઈએ.સોનિયાએ મોદીને પુછ્યુ હતું કે ચાર વર્ષ પહેલા આપેલા વચનોનું શું તમે પાલન કર્યું છે ?

## દેશની નાણાંકીય,આર્થિક સ્થિતિ ચાર વર્ષના તળીયે પહોચી ગઇ

ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક ગાળા માટે દેશની નાણાંકીય અને આર્થિક સ્થિતિ અંગેનો દેશના ચીફ ફાયનાન્સીયલ ઓફિસર્સનો આશાવાદ ચાર વર્ષના તળિયે સ્પર્શી આશરે ૧૮ ટકા ઘટ્યો હોવાનુ એક અહેવાલમાં જણાવાયું છે.૨૦૧૮ના બીજા ત્રિમાસિક ગાળા માટેનો કંમ્પોઝિટ સીએફઓ ઓપ્ટિમિઝમ ઈન્ડેક્સ ત્રિમાસિક ધોરણે ૧૭.૮ ટકા ઘટી ૯૬.૨ રહેવા પામ્યો હોવાનું ડન એન્ડ બ્રાડસ્ટ્રીટના એક અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સ્થાનિક મેક્રો ઈકોનોમિક સ્થિતિ ૨૦૧૪ના ત્રીજા ત્રિમાસિક ગાળા પછીના સૌથી નીચેના સ્તરે હોવા છતાં આશરે ૬૧ ટકા સીએફઓએ બીજા ત્રિમાસિક ગાળામાં સ્થાનિક મેક્રો ઈકોનોમિક સ્થિતિ સાનુકુળ થવાના સંકેતો દર્શાવ્યા હતા. મેન્યુફેક્ચરીંગ સેકટરની તુલનાએ સર્વીસ સેકટરના સીએફઓનો આશાવાદ વધુ નબળો પડ્યો છે તેમ ડેન એન્ડ પ્રાડસ્ટ્રીટના ભારત ખાતેના મેનેજીંગ ડિરેકટર મનિષ સિંહાએ જણાવ્યુ હતું.

સર્વીસ સેકટરમાં સીએફઓનો આશાવાદ ૧૭ ત્રિમાસિક ગાળાના તળિયે જોવાયો છે.

## દેશના દસ શહેરો ગંગાને ૭૦ ટકા પ્રદુશિત કરે છે : નીતિન ગડકરી

કેન્દ્રીય નદી વિકાસ અને ગંગા પુનર્જિવન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે ગંગાની આસપાસ વસેલા ૯૭ શહેરોમાંથી દસ શહેરો ગંગાને ૭૦ ટકા જેટલી પ્રદુશિત કરે છે.આ દસ શહેરોમાં બિહારના પટના અને ભાગલપુરનો પણ સમાવેશ થાય છે.આ દસ શહેરો દ્વારા કુલ ૧૮૯૭ એમએલડી પ્રદુષિત પાણી ગંગામાં વહેવડાવવામાં આવે છે.ગડકરીએ કહ્યુ હતું કે કેન્દ્ર સરકારનું લક્ષ્ય ૨૦૨૦ સુધીમાં ગંગાને સંપુર્ણ સાફ કરવાનું છે.હાલમાં બિહાર સાથે જોડાણ કરીને ગંગાને સાફ કરવાની કામગીરી ચાલી રહી છે.મે ૨૦૧૯ સુધીમાં ગંગાને સાફ કરવામાં આવશે. તે ઉપરાતં ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં તેનું પાણી સંપુર્ણ સ્વચ્છ થઈ જશે.૨૦૨૦ સુધીમાં તમામ સ્તરેથી ગંદકી દુર કરવામાં આવશે.ગંગાને પ્રદુષિત કરતાં ૨૫૧ઉદ્યોગો બંધ કરવામાં આવશે.જો કે મંત્રીશ્રીએ કરેલી વાતો સાચી પડે તેવું ઈચ્છીએ

## કર્ણાટક ચુંટણીમાં દસ હજાર નકલી વોટર આઇડી મળ્યા

કર્ણાટકમાં ચુંટણી માટે કોગ્રેસ અને ભાજપે પોતાની મજબુત પકડ ઉભી કરવા માટે તરેહ તરેહના દાવપેચ અજમાવવાના શરુ કર્યા જે દેશની પ્રજા જોઈ રહી છે.ઈવીએમ મશીનમાં ગોલમાલ હવે નકલી વોટર આઈડીની કમાલ જોવા મળી છે.એવું કહેવાય છે કે વોટરઆઈડીના પણ નાણાં મળે છે.બેઉ પાર્ટીઓ એડીચોટીનું જોર લગાવીને ચુંટણી જીતવા માટે પ્રચાર દરમિયાન જે માહોલ ઉભો કર્યો તે દેશમાં આજ લગ થયેલ ચુંટણીઓથી વિપરિત હતો.

પશ્ચિમ બેગલુરના જલાહલ્લી વિસ્તારમાં આવેલા એક ફલેટમાંથી દસ હજાર જેટલા નકલી મતદાર ઓળખપત્ર મળી આવ્યા હતા. આ ફલેટ રાજરાજેશ્વરીનગર વિધાનસભા બેઠક અંતગર્ત આવે છે.કોગ્રેસ અને ભાજપે આ બાબતે એકબીજાની ઉપર આક્ષેપો કર્યા છે.

## લાલુ યાદવને દીકરાના લગ્ન માટે પાંચ દિવસના પેરોલ મળ્યા

રાજદના સુપ્રીમો લાલુપ્રસાદ યાદવને પોતાના દીકરા તેજપ્રસાદના લગ્ન માટે પાંચ દિવસ પેરોલની અરજી મંજુર થઈ હતી.બિહારના બે મોટા રાજકીય પરિવારોની વચ્ચે થઈ રહેલા આ સબંધની પહેલા જ રાજનીતીક ચર્ચાઓનું બજાર ગરમ છે.૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં એનડીએને કેવી રીતે હરાવી શકાય એ મામલે રાજકીય વ્યુહ અંગે સઘન ચર્ચા વિચારણા પણ થશે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આસામમાં બાંગલાદેશી હિંદુઓને વસાવવા માટે ભાજપની સરકારે સીટીઝનશીપ(એમેન્ડમેન્ટ)એકટ ૧૯૫૫માં સુધારો કરીને હિંદુ બાંગલાદેશીઓને ભારતીય નાગરિકત્વ આપવાનો નિર્ણય કર્યો છે તે કેટલે અંશે વ્યાજબી છે તે સમય બતાવશે.આસામનો ઇતિહાસ ગેરકાયદે વસાહતીઓ સામે રાજકીય જંગ ખેલવાની ઘટનાઓથી ભરપુર છે.

ગેરકાયદે વસાહતીઓ સામે વિદ્યાર્થીઓએ છ વર્ષ લાંબુ આંદોલન કરીને આસામ ગણપરિષદની સરકાર સત્તાસ્થાને આવી હતી.આસામના વિદ્યાર્થીઓએ છ વર્ષ લોહીયાળ આંદોલન ચલાવ્યું અને છેવટે રાજકીય ઉકેલ લાવવા માટે ચુંટણી લડીને તેમની વાતને સાકાર કરી .

હવે ફરી એક વાર ભાજપની સરકારે હિંદુ મતો અંકે કરવાની ચાલથી રાજકીય માહોલ ગરમ કરી નાંખ્યો છે.આસામમાં બાંગલાદેશથી આવેલા હિંદુ વસાહતીઓને ભારતીય નાગરિકત્વ આપી આસામમાં સ્થિર કરવાથી સ્થાનિક લોકો લઘુમતીમાં આવી જશે તેવું માનવાને કારણે સરકારના નિર્ણયનો સ્થાનિક લોકો વિરોધ કરી રહ્યા છે જ્યારે સરકારનો મનસુબો હિંદુઓને બહુમતીમાં લાવી આસામનું રાજ્યમાં તેમની સરકાર સ્થાપી શકાય તેવો મનસુબો છે.

કેન્દ્ર સરકારે આ ખરડો લોકસભામાં જુલાઇ ૨૦૧૬માં રજુ કર્યો હતો.તેને પગલે ભાજપના સાંસદ સત્યપાલસિંહના વડપણ હેઠળ ૧૬ સભ્યોની એક સંયુક્ત સંસદીય(જેસીપી)રચવામાં આવી હતી.આ ખરડો લોકસભામાં રજુ થયો ત્યારે આસામના વિવિધ જુથોએ તેનો વિરોધ કર્યો હતો.જેસીપીએ દિલ્હીમાં બેઠા બેઠા લોકોના મંતવ્યો સાંભળ્યા હતા.પણ હવે જેસીપીના સભ્યો પહેલી વાર રાજ્યમાં જઇને વિવિધ સંગઠનો એ નાગરિકોના મંતવ્યો સાંભળશે.

જેસીપી સમક્ષ થયેલી રજુઆતોનો સાર એ છે કે તેમને ડર છે કે જો રાજ્યના દરવાજા બાંગલાદેશીઓ માટે ઉઘાડા કરી દેવાશે તો તેમની સાંસ્કૃતિક અને ભાષાકીય ઓળખ છિનવાઇ જશે.વિવિધ રાજકીય પક્ષો આસામ ગણપરિષદ,કોંગ્રેસ,ઓલ આસામ સ્ટુડન્ટ યુનીયન(આસુ) અને ફોરમ આસામ દ્વારા આ ખરડાનો વિરોધ કરવામાં આવી ર હ્યો છે.

કોંગ્રેસી નેતા અને ભુતપુર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઇએ કહ્યુ હતું કે અમે ૧૯૭૧માં બાગલા દેશી વસાહતીઓને સમાવ્યા હતા. એટલે હવે વધારાનો બોજ સહન કરીશું નહી.જેપીસી સમક્ષ સાત મેના રોજ ૧૩૫ સંગઠનો અને નાગરિકોએ તેમની વાત રજુ કરી હતી.

ખરડાનો વિરોધ કરવાનું મુખ્ય કારણ એ છે કે આ ખરડામાં કોઇ દસ્તાવેજો ન ધરાવતાં અને રાજ્યમાં વસતા નાગરિકોને કટઓફ તા.૨૫ માર્ચ ૧૯૭૧ને બદલે આસામ સમજુતી ૧૯૮૫માં જણાવેલી તારીખને ગણતરીમાં લઇ તેમને નાગરિકત્વ આપવાની વાત છે.

કૃષકમુક્તિ સંગ્રામ સમિતિના નેતા અખિલ ગોગોઇએ જણાવ્યુ હતું કે ભુતપુર્વ રાજ્યપાલ એસ.કે.સિંહાના અહેવાલ અનુસાર ૧૯૭૧ અને ૧૯૮૫ વચ્ચે ૭૫લાખ બંગલાદેશી હિંદુઓ આસામમાં પ્રવેશ્યા છે.જો આ ખરડાને મંજુર કરવામા આવશે તે તે બધાજ આસામના નાગરિકો બની જશે.આમ થશે તો આસામીઓ તેમનાજ રાજ્યમાં લઘુમતી બની જાય તેવો ભય છે.

આસામમાં હિંદુઓની બહુમતી ઉભી કરવા સરકારે જે ખરડો રજુ કરીને તેનો અમલ કરાવવાની ઇચ્છા રાખે છે તેના કારણે આસામમાં ફરીથી લોહિયાળ જંગ શરુ થઇ શકે છે.બોડો આંદોલન સામે કોંગ્રેસે નમતુ જોખ્યું હતું.હિંદુત્વ અને કટ્ટરતાવાદને પોષતાં ઉબાડીયા કરવાને બદલે ખરેખર રાજ્યોનો વિકાસ થાય તેવા કામો કરવા જરુરી છે.જેથી દેશ ભાષા અને જાતિના સમીકરણોને ભુલી વિકાસના માર્ગે આગળ વધે (સાભાર :સંદેશ )


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# હાસ્યમાં પણ સુગંધ હોવી જોઇએ

હાસ્ય વિશે વાત કરતાં પહેલા જોઇએ તો સાહિત્યમાં નવ રસ છેઃ કરુણ,રોદ્ર,શાંત, ભયાનક,વીર, શૃંગાર,અદ્ભુત,હાસ્ય અને બિભત્સ. હાસ્ય આ નવ રસમાંનો એક છે. હાસ્યની જે પુષ્ટિ કરે છે તેને હાસ્યરસ કહેવાય છે.એના પણ ત્રણ ભેદ છે : મંદ,મધ્યમ અને અતિ. કિશોરલાલ મશરુવાલાએ કહ્યું છે : સામાન્ય રીતે કટાક્ષ,મર્મ હાસ્ય અને હાસ્ય - એ હાસ્યરસના સાધનો છે.એમ આપણે માનીએ છીએ.કેટલાક લોકો વિકૃત ચેષ્ટા,વિકૃત વેશ કે વિકૃતવાણી સાંભળીને દાંત દેખાય એ રીતે હસતા હોય છે.સામેનાન ઉડાવતા હોય છે.તેને ઠઠ્ઠા મશ્કરી કહેવાય છે.કેટલાક લોકોની હાસ્યવૃત્તિ અદ્ભુત હોય છે. હસવાનું અને આનંદ લેવાનો, પણ હસતાં હસતાં બંધ થઇએ ત્યારે સમજાય કે હાસ્યની પાછળ કેવી કરુણતા છુપાયેલી છે ?કોઇએ ખાસ કહ્યું છે : હસો,ખુબ હસો, પણ હસવાસમ ના બનાવો જીંદગી.બીજા લોકો આપણને હસી કાઢે,એવી જીંદગી બનાવવી જોઇએ નહી. આપણે મશ્કરીને પાત્ર થવું, આપણી કોઇ હાંસી ઉડાવે એવું કોઇ કાર્ય ક્યારેય ન કરવું. આપણે જાણીએ છીએ કે હાસ્ય એક ઉત્તમ ઔષધ છે.જે માણસ ખુલ્લા મનથી, મનમાં કશું પણ રાખ્યા વિના ખડખડાટ હસી શકે છે, એણે ડોકટરને ત્યાં જવું પડતું નથી.જુદા જુદા લોકો જુદી જુદી રીતે હસતા હોય છે.કેટલાક માત્ર હોઠથી, તો કેટલાક હ્રદયથી હસતા હોય છે.જે માત્ર ઔપચારિકતા ખાતર,લુખ્ખેલુખ્ખુ હસતો હોય, એનો ભરોસો ક્યારેય ના કરી શકાય.કેટલાક લોકો હ્રદયની ગહનતામાંથી હસતા હોય છે.આજે તો હાસ્ય પણ માર્કેટ જેવું બની ગયું છે.કોઇ પાત્ર ભજવતા હોઇએ, હસવું પડે તો હસીએ, પણ એક નાટકરુપે,એવા હાસ્યમાં આત્મીયતાન અણસાર પણ ન હોય.હાસ્ય તો પ્રથમ વરસાદ પછી ધરતી ચીરીને બહાર આવતી લીલાશ જેવું હોવું જોઇએ.

હાસ્ય -ન.(સં)હસવું તે. આટલો અર્થ થાય છે. હંમેશા હસતા રહેવું એ તંદુરસ્તીની નિશાની છે. આપણે કહીએ છીએ કે હસે તેનું ઘર વસે, આપણે જાણીએ છીએ કે હાસ્ય એ ફુલ જેવું હોય છે. જેમાં ભારોભાર નિર્દોષતાનો અહેસાસ થાય છે.પણ કોઇ સુગંધ વિનાનું ફુલ પસંદ કરતું નથી.લુખ્ખુ હાસ્ય કોઇને ગમતું નથી.હાસ્ય પણ ભીતર ભેદીને આવવું જોઇએ. હાસ્યમાં પણ સુગંધ હોવી જોઇએ. હાસ્યને બળજબરીથી લાવી શકાતું નથી. દિગ્દર્શક અભિનેતાને સુચના આપે, હસે હસો, તો અભિનેતા હસે, હાસ્યમાં ઔપચારિકતા આવે ત્યારે તે નાટક બની જાય છે.કોઇની સાથે હસ્તધુનન કરવાનું,ખાલી ખાલી હાથ જોડીને નમસ્તે નમસ્તે બોલતા જવાનું અન ચહેરા પર હાસ્ય લાવવાની બનાવટ કરવાની ! એન હાસ્ય ન કહેવાય.જે હાસ્યરસિક છે એનુ વ્યક્તિત્વ પણ ઉભરી આવે છે.એનો આગવો પ્રભાવ પડતો હોય છે.એ સૌનો પ્રિય હોય છે.એક સરસ ઉક્તિ છે.હાસ્ય એવી ભાષા છે, જેને બાળક પણ સમજી શકે છે.માણસના હ્રદયમાંથી સ્ફુરેલું એક સ્મિત કોઇના જીવનની અધુરપને દુર કરી શકે છે.હાસ્ય એ માણસને જીવવા માટેનો એક આધાર છે.હાસ્યથી દીર્ઘાયું બની શકાય છે.મનમાં કોઇ પણ તાણ રહેતી નથી.તન-મન સ્ફુર્તિમાં રહે છે.આનંદથી જીવો-લાંબુ જીવો. ગાંધીજીએ પણ કહ્યુ છે : જો મારામાં વિનોદનો ગુણ ન હોત તો મે ક્યારની આત્મહત્યા કરી લીધી હોત. હાસ્યથી બધો જ ભાર હળવો બની જાય છે. જગતનો ખ્યાતનામ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લીને કહ્યું છે કે હાસ્ય વગરનુ 'જગત વિનાશને પાત્ર છે.જેનામાં હસવાની ક્ષમતા નથી, અથવા' પોતાના ધંધા-રોજગારમાં એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે એના હાસ્યે એની પાસેથી દેશવટો લીધેલો હોય છે એવા લોકો જીવતે મુઆ બરાબર છે.

મહર્ષિ અરવિંદે રહ્યું છે : હાસ્ય એ જીવનનો રસ છે.માત્ર એ સાહિત્યના નવ રસમાંનો એક નહી,પણ માણસના જીવાતા જીવનનો પણ એક રસ છે. સતત ટેન્શનમાં રહેતો માણસ ખુલ્લા દિલથી જો હસી શકે નહી તો તે વેળાસર ગુજરી જાય છે. અબ્રાહમ લિંકને પણ કહ્યું છે કે રાત દિવસ એટલો ભયંકર તનાવ માર પર રહે છે કે જો હું હસું નહી તો મરી જાઉ.આજનો યુગ તો ભયંકર ટેન્શનવાળો છે. ક્ષણે ક્ષણે જાગૃત રહેવું પડે છે.વધારે પડતી સાવધાનીના કારણે માણસ મુક્તિથી જીવી શકતો નથી.એમાંય, જો એનું હાસ્ય વિલાઇ જાય તો કેવા પરિણામ આવે ?ઘણા થોડા લોકોના ચહેરા ઉપર નિર્દોષ હાસ્ય હોય છે.નિર્દોષ હાસ્ય એટલે શું ? રામચરણ મહેન્દ્રે તેમના આનંદમય જીવનમાં કહ્યું છે કે દુધ પીતા શિશુ જેવું નિર્દોષ હાસ્ય રેલાવે છે એવું હાસ્ય મસ્તીથી, દુઃખોને દુર કરવાની અસલી દવા છે.જેના હ્રદયમાં કોઇપણ પ્રકારનું કપટ ના હોય,કોઇના પ્રત્યે સહેજ પણ દ્વેષભાવ ન હોય એવા હાસ્યની વાત છે. કેટલાક લોકો બીજાની પાસેથી બદલો લઇને ખંધુ હસતા હોય છે.એવા હાસ્યમાં નિર્દોષતા કેવી ?હાસ્ય કેવું હોય ? વિલિયમ રોસ્ટરે કહ્યું છે : જેમ નદીમાં આવેલા પુરને રોકી શકતા નથી,કારણકે બંને પ્રાકૃતિક પરિસ્થિતિ છે.જે બનાવટી હાસ્ય હોય એ કુદરતી હોઇ જ શકે.કુદરતી હાસ્ય તો ઝરણાની જેમ અંદરથી ફુટતું હોય છે. માણસ કેવા પ્રકારનું હસે છે. એના પરથી એની પ્રકૃતિનો ખ્યાલ આવતો હોય છે.કોઇપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેના ગુણ-અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે.અમુક વ્યક્તિ હસીને પોતાના ચારિત્ર્યદર્શન પણ કરાવી શકે છે.અવલોકનશક્તિ તથા સામુદ્રીક જ્ઞાનથી હાસ્યમાં છુપાયેલા ગુણદોષ જાણી શકાય છે.સમજદાર વ્યક્તિ તમારા હસવાની ઢબ પરથી તમને પારખી શકે છે.તમે માત્ર હસવા ખાતર હસો છો ,સામેની વ્યક્તિને સારુ લગાડવા હસો છો, અથવા સાચા દિલથી હસો છો,એની ચાડી તમારો ચહેરો ખાતો હોય છે.હાસ્યના ઘણા પ્રકાર હોય છે.કોઇ મરક મરક હસે છે.તો કોઇ મુખ મલકાવી મંદ હાસ્ય કરે છે. અમુક દિલ ખોલીને મધુર હાસ્ય કરે છે.તો કેટલાક ખડખડાટ હસી પડે છે.આ દરેક હાસ્ય પાછળ કાંઇ ને કાંઇ રહસ્ય અથવા મનની ઇચ્છાઓનો ભાવાર્થ છુપાયેલો હોય છે.તમારા મનમાં કેવો ભાવ પડેલો છે એ તમારા હાસ્ય પરથી પરખાય છે.

સંત તિરવલ્લુવરે કહ્યુ 'છે :મનુષ્યને આપત્તિનો સામનો કરવામાં સ્મિતથી વધારે કોઇપણ ચીજ સહાયભુત થતી નથી.આપધાત કરવા જતા માણસને કોઇ નાનકડું સ્મિત આપે તો એના વિચારોમાં બદલાવ આવી શકે છે.માણસનું સ્મિત તો દુઃખી આત્માનો આશરો છે.બળબળતા બપોરમાં લિમડાનો મીઠો છાંયડો છે. સ્મિત તો, સ્મિત તો આમ્રકુંજમાં ટહુકતી કોયલ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી, (સૌ.સંદેશ)

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## છેલ્લા પાંચ વર્ષમાં બેન્કોમમાં એક લાખ કરોડના કૌભાંડો થયા

છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ બેન્કોમાં એક લાખ કરોડના કૌભાંડ થયા છે.અને તે એક બે નહીં પરંતુ ૨૩,૦૦૦ કૌભાંડો છે.૨૦૧૬-૧૭માં નોધાયેલા ૫૦૦૦ કેસોની તુલનાએ એપ્રિલ ૨૦૧૭ થી ૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૫૧૫૨ કેસો નોધાયા છે.કૌભાંડોની સંખ્યા અને તેમાં સંડોવણીની રકમ જોતાં ભારતીય બેન્કીંગ સેકટર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનું પર્યાય બની ગયું હોય તેમ જણાય છે.

એક આરટીઆઈમા મળેલા જવાબ મુજબ એપ્રિલ ૨૦૧૭ થી ૧ માર્ચ ૨૦૧૮ દરમિયાન નોધાયેલા કેસોમાં અત્યાર સુધીમાં નોધાયલો કેસોમાં સૌથી વધુ ૨૮૪૫૯કરોડની રકમ સંડોવાયેલી છે.તેમ મધ્યમ બેન્કે જણાવ્યુ છે.૨૦૧૬-૧૭માં બેન્કોએ ૨૩,૯૩૩ કરોડના ૫૦૭૬ કેસો નોધ્યા હતા.૨૦૧૩થી ૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૧ લાખ કે તેથી વધુના ૨૩૮૬૬ કેસો નોધાયા હતા. તમામ કેસોમાં સંડોવાયેલી કુલ રકમનો આંકડો ૧,૦૦,૭૧૮ કરોડ જેટલો થાય છે.તેમ આરટીઆઈમાં જણાવાયું હતું.સૌથી મોટા કૌભાંડોમાં ગીતાજંલી જેમ્સના નિરવ મોદી અને મેહુલ ચોકસી દ્વારા પંજાબ નેશનલ બેન્ક સાથે આચરાયેલું રુ.૧૩૦૦૦કકરોડનું કૌભાંડ છે. સીબીઆઈ દ્વારા તાજેતરમાં જ આઈડીબીઆઈમાં રુ.૬૦૦ કરોડના લોન કૌભાંડના કેસમાં જોહર ક્ષેત્રની બેન્કના ટોચના અધિકારીઓ,આઈડીબીઆઈ બેન્કના પુર્વ સીએમડી,એરસેલના ભુતપુર્વ પ્રમોટર અને તેમના પુત્ર સામે ગુનો નોધાયો છે.

સરકારના આંકડો અનુસાર દેશની તમામ બેન્કોની કુલ નોન પર્ફોમીંગ એસેટ્સ ડિસે.૨૦૧૭ના રોજ રુ.૮,૪૦,૯૫૮ કરોડ રહેવા પામી છે.જેમાં સૌથી વધુ હિસ્સો ઓધ્યોગિક લોનનો હતો.જ્યારે ત્યાર પછીના ક્રમે સર્વીસીસ તથા કૃષિ સેકટરની લોનનો આવે છે.

## ન્યાયતંત્ર અત્યારે કપરા સમયમાંથી પસાર થઇ રહ્યુ છે : નિવૃત જજ પાટિલ

જસ્ટીસ બી.એસ. લોયા કેસમાં સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો તેને કાળો દિવસ ગણાવનાર બોમ્બે હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ બી.જી. કોલસે પાટિલે તેમની હત્યા થવાનો ડર વ્યકત કર્યો હતો.તેમણે રાચીમાં એલાયન્સ ફોર જસ્ટીસ એન્ડ પીસ દ્વારા આયોજીત જજ કન્વેશનમાં લોકતંત્રની સુરક્ષા વિષય પર બોલતાં કહ્યુ હતું કે મને સતત ડરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મારી સાથે કંઈ પણ બની શકે છે. પાટિલે જણાવ્યુ હતું કે સોહરાબુદ્દીન શેખના બનાવટી એન્કાઉન્ટર કેસની સુનાવણી કરનાર જજ બી.એસ.લોયાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. લોયા ઉપરાંત તેમના બે વિશ્વાસુ એડવોકેટ શ્રીકાંત ખંડાલકર અને નિવૃત જજ પ્રકાશ થોમ્બરેની પણ હત્યા કરવામાં આવી છે.પાટિલે દાવો કર્યો હતો કે આ કોઈ અકસ્માત નહોતો. હવે મારો નંબર છે પણ હું સત્ય કહેતા કયારેય ડરીશ નહીં.

જસ્ટીસ પાટિલે કહ્યુ હતું કે ભારતમાં લઘુમતી, આદિવાસી,દલિત અને ગરીબ વર્ગ ડરેલો છે.તેમના મૌલિક વિચારોનું હનન થઈ રહ્યું છે.સાંપ્રદાયિક તાકાતોએ લોકતંત્રના તમામ કેન્દ્ર પર કબજો જમાવ્યો છે.પણ દેશનું બધારણ બધાને સમાન અધિકાર આપે છે.ક્યાં પણ અન્યાય થાય તો તેની વિરુધ્ધ લોકોએ અવાજ ઉઠાવવો જોઈએ. તેનો વિરોધ કરવો જોઈએ. સાચું બોલતાં ડરશો નહીં.

જસ્ટીસ લોયા સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસની સુનાવણી કરતાં હતા. ત્યારે પહેલી ડિસે.૨૦૧૪માં તેમનું મોત થયું હતું.તેમના મૃત્યુંનું કારણ હ્દયરોગનો હુમલો થયો હોવાનું જણાવાયું હતુ. પરંતુ તેમના મોત બાબતે તેમની બહેન અનુરાધાએ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કેરેવાન સામયિકને જણાવ્યુ હતું કે એવી ઘણી બાબતો છે જેના કારણે તેમના ભાઈના મોત બાબતે સંદેહ છે.આ ઘટનાની સ્વતંત્ર તપાસ કરવા માટે જન હિતની અરજી કરવામાં આવી હતી.જેને સર્વોચ્ચ અદાલતે રાજકાણથી પ્રેરિત ગણા વીને ફગાવી દીધી હતી.દિલ્હી હાઈકોર્ટના ભુતપુર્વ જસ્ટીસ એ.પી.શાહે સર્વોચ્ચ અદાલતના નિર્ણયને સદંતર ખોટો અને ન્યાયશાસ્ત્રની દષ્ટિએ ઘણી બાબતે અયોગ્ય ગણાવ્યો હતો.

## લાલ કિલ્લાની જેમ અન્ય સ્મારકો પણ ખાનગી કંપનીઓને સોપાશે : પ્રવાસન મંત્રી આલ્ફોસે

લાલ કિલ્લાના સંચાલનનો કોન્ટ્રેકટ ખાનગી કંપનીને આપવાના મામલે સરકારની ટીકા કરવામાં આવી રહી છે ત્યારે પ્રવાસન મંત્રી આલ્ફોસે કહ્યુ હતું કે હજુ વધુ સ્મારકો ખાનગી કંપનીઓ સોપવામાં આવશે.તેમણે આ ઝુંબેશનો વિરોધ કરવા બદલ કોગ્રેસની ટીકા કરી હતી.અને કહ્યુ છે કે કોગ્રેસે પણ હુમાયુના મકબરાનું સંચાલન ખાનગી કંપનીને સોપ્યું હતું.

આ પ્રોજેકટનો હતુ ઐતિહાસિક સ્મારકોની વધુ સારી દેખરેખ થાય તે છે.જો કે આવી ઐતિહાસિક ધરોહરને ખાનગી કંપનીઓને સોપવાનો અર્થ એ છે કે સરકારમાં આવી મિલ્કતોને સાચવવાની તાકાત નથી.

## વરિષ્ઠ પત્રકાર જે ડેની હત્યાકાંડમાં ડોન છોટા રાજન દોષિત અન્ય ૯ ને જન્મટીપની સજા

અંડરવર્લ્ડની વિરુધ્ધ લખનાર વરિષ્ઠ પત્રકાર જે ડે ની હત્યા કરવાના ગુનાસર સ્પેશીયલ મકોકા કોર્ટે અંડરવર્લ્ડ ડોન છોટા રાજન સહિત ૯ ને દોષિત ઠરાવ્યા અને તેમને જન્મટીપની સજા ફરમાવી હતી.છોટા રાજને જ જેડેની હત્યા કરવાનું કાવતરુ રચ્યું હતું તે સિધ્ધ થતાં તેને અન્ય આરોપીઓ સાથે જન્મટીપની સજા કરવામાં આવી હતી.આ કેસમાં કુલ૧૩ આરોપીઓ હતા.એક આરોપી વિનોદ અસરાની ઉર્ફે વિનોદ ચેમ્બુરનું જેલમાં જ મોત થયું હતું.જ્યારે એક આરોપી નારાયણ બિસ્ટ હજી પણ ફરાર છે.પત્રકાર જિજ્ઞા વોરા અને જોસેફ પોલ્સનને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા હતા.મકોકા કોર્ટે છોટા રાજન,શુટર સતીષ કાલિયા, અને અનિલ વાધમારે,અરુણ જર્નાદન,દીપક સીસોદીયા અને સચિન ગાયકવાડને ગુનેગાર ઠેરવ્યા હતા.છોટા રાજન હાલમાં તિહાર જેલમાં છે જેને બાલીથી પકડવામાં આવ્યો હતો.તેની જુબાની વીડીયો કોન્ફરન્સથી લેવામાં આવી હતી.

છોટા રાજનને શંકા હતી કે જેડે તેના દુશ્મન દાઉદ ઈબ્રાહીમ સાથે જોડાઈ ગયો છે. તપાસ દરમિયાન એવું બહાર આવ્યુ હતું કે ચેમ્બુરના સહકાર સિનેમા બ્લેકમાં ટીકીટ વેચી ગુનાખોરીમાં પ્રવેશ્યા બાદ ધીમે ધીમે અંડરવર્લ્ડમાં ડોન બનેલા રાજને જેડે (ચીંદી) નાનો સુનો ગણતો હતો.વળી જેડે એમ પણ કહેતો હતો કે છોટા રાજનનો દેશભક્ત ડોનનો દાવો ખોટો છે.અંડરવર્લ્ડ પર જેડેએ બે પુસ્તકો લખ્યાં હતા.ઝીરો ડાયલ અને ખલ્લાસ જેમાં તેણે રાજનને ખરાબ ચીતર્યો હતો.અને દાઉદની પ્રશંશા કરી હતી.એ બેઉ પુસ્તકો પ્રકાશિત થઈ ગયા હતા. જેડે બીજા બે પુસ્તકો લખી રહ્યો હતો.જેમાં એક પુસ્તકનું નામ ચીંદી હતું જેમાં પણ રાજનને નબળો ચીતરવામાં આવ્યો હતો.વળી એ પુસ્તકમાં તેણે છોટા રાજનની ઓઈલ.ડીઝલ અને ચંદનનો સ્મગલીંગનો ભાંડો ફોડી નાંખ્યો હતો.એક નાનો એવો ટપોરી કઈ રીતે રુપીયાની છોળો ઉડાડતો થયો હતો તેનું તેણે વર્ણન કર્યુ હતું.એથી ગિન્નાયેલા રાજને તેનો કાંટો કાઢી નાંખ્યો હતો.

પત્રકાર જીજ્ઞા વોરા પર જેડેની હત્યા કરવા માટે છોટા રાજનને ઉશ્કેરવાનો આરોપ હતો.સબળ પુરાવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા નહતો તેથી કોર્ટે તેને છોડી મુકી હતી.છોટા રાજન સાથે જિજ્ઞાએ વાત કરી અને જેડેની હત્યા માટે તેને ઉશ્કેર્યો તે પુરવાર થયું નથી.તેમજ છોટા રાજનની કબુલાત પરથી કોર્ટ તેને સજા કરી શકે તેમ પણ નથી.

જેડેની હત્યા કેસના પબ્લીક પ્રોસીક્યુટર પ્રદીપ ધરતે જણાવ્યુ હતું કે છોટા રાજન અને અન્ય આરોપીઓને સાંકળતા અનેક પુરાવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જે કોર્ટે માન્ય રાખ્યા હતા.મુખ્ય પુરાવાઓમાં છોટા રાજનનું એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન હતુ.જેમાં તેણે પત્રકારો સાથે વાતચીત કરીને કહ્યુ હતું કે જેડેની હત્યા તેણેજ કરાવી છે.અને શા માટે કરાવી છે તેનું પણ કારણ આપ્યું હતું.એ ઉપરાંત પોલીસે છોટારાજનનો એક ટેલીફોન ઈન્ટરસેપ્ટ કર્યો હતો.તેનું જે રેકોર્ડીંગ હતુ તેમાંનો અવાજ અને તિહાર જેલમાં બંધ કરાયા બાદ તેનો અવાજ રકોર્ટ કરી બંને અવાજની ચકાસણી કરાઈ હતી.જેમાં બેઉ અવાજ એક જ હોવાનું પુરવાર થયું હતું.આમ બધા પુરાવાઓ રાજન અને તેની ગેગના સભ્યો સાથે મેળ ખાતા હતા.

૫૬ વર્ષીય જેડે મોટાભાગે રોજ ઘાટકો પર તેમના માતાને મળવા જતા હતા. ઘટનાના દિવસે ૧૧ જુન,૨૦૧૧ના રોજ પણ તે તેમના માતાને મળ્યા બાદ પવ ઈ તેમના ઘેર જતા હતા.તે પવઈ તેમના ઘરની નજીક પહોચ્યા ત્યારે પહેલેથીજ બાઈક પર તેમની રાહ જોઈ રહેલા સતીષ કાલિયા અને તેના સાગરીતે તેમની બાઈકનો પીછો કર્યો હતો અને લાગ મળતાં જ તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

સીબીઆઈની ચાર્જશીટમાં કહેવાયું છે કે જેડેની હત્યા બાદ રાજને એક પત્રકારને ફોન કરીને એ હત્યા પોતે કરાવી હોવાની કબુલાત કરી હતી. જેમાં તેણે કહ્યુ હતું કે જે ડે મારી વિરુધ્ધ છાપામાં ઘણાબધા આર્ટીકલ લખી રહ્યો હતો.એથી મે તેને ફોન કરીને વિંનતી કરીન પુછ્યું પણ હતું કેશું તેને મારી સાથે કોઈ અંગત અદાવત છે ? તે ના કહી પણ એમ છતાં તેણે તેના લેખમાં એવું જણાવ્યુ હતું કે હું બીમાર થઈ ગયો છું અને મારી ગેંગ નબળી પડી ગઈ છે.થી મને ગુસ્સો આવ્યો અને મને એવું લાગ્યું કે એ દાઉદની ગેંગ માટે કામ કરી રહ્યો છે.મે તેને મરાવતાં પહેલા સમજાવવાની ઘણી કોશીસ કરી હતી. પરંતુ તે માન્યો નહી.આખરે તેનો અંજામ એજ આવ્યો તેનું મોત.

## ઉત્તર ભારતમાં વંટોળ સાથે ભારે વરસાદી કહેર : યુપીમાં ૯ ના મોત

ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં આગાહી મુજબ હવામાનમાં જોરદાર પલટો આવ્યો હતો.અનેક સ્થળે વરસાદ પડ્યો હતો. અને બરફના કરા પડ્યા હતા.ઉત્તર પ્રદેશમાં ભારે ગાજવીજ સાથે વરસાદ વરસતાં વિવિધ ઘટનામાં ૯ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.બીજી તરફ ઈશાન રાજ્ય આસામના કોકરાઝારમાં પણ આવાજ સંજોગોમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું.અને ૧૧ લોકો ઘાયલ થયા હતા

યુપીના પ્રીન્સીપલ સેક્રટરી અવનીસ અવસ્થીએ કહ્યુ હતું કે વાવાઝોડામાં વિવિધ ઘટનાઓમાં ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે.જ્યારે મથુરામાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. આગ્રામાં એક વ્યક્તિનું મોત થયું છે.

હરિયાણામાં ગજ્જર જિલ્લામાં પવન સાથે વરસાદ પડ્યો હતો.કેટલાક સ્થળે કરા પડ્યા હતા. રોહતકમાં પણ વરસાદપડ્યો હતો.દિલ્હી અને એનસીઆરમાં પણ ભારે પવન સાથેની આંધી આવી હતી.તેમજ હળવો વરસાદ પડ્યો હતો. કેદારનાથમાં નવેસરથી હિમવર્ષા થઈ રહી ચે. પણ ચાર ધામની યાત્રા શરુ થઈ ગઈ છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછીવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઇ હતી.
અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે.
વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સુપ્રીમ કોર્ટે કોલિજીયમની બેઠક પુરી, જસ્ટીસ જોસેફને મુદ્દે નિર્ણય મુલતવી

સુપ્રીમ કોર્ટના પાચ જસ્ટીસના બનેલા કોલેજીયમે ઉત્તરાખંડ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફના નામની પુનઃ ભલામણ માટે હાલમાં કોઇ નિર્ણય લીધો નથી.ઉલ્લેખનીય છે કે જસ્ટીસ કે.એમ. જોસેફને બઢતી આપીને સુપ્રીમ કોર્ટમાં નિમણુંક આપવા માટે કોલેજીયમે અગાઉ કરેલી દરખાસ્તની ફાઇલ કોલેજીયમને પરત કરી હતી. કોલેજીયમની બેઠકમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ જે. ચેલમેશ્વર,રાજન ગોગોઇ,મદન બી લોકુર, અને કુરીયન જોસેફનો સમાવેશ થાય છે. બેઠકમાં જસ્ટીસ કે.એમ.જોસેફના મુદ્દે કોઇ નિર્ણય લેવામાં આવ્યો નહોતો.કેન્દ્ર સરકારે કે.એમ.જોસેફને સુપ્રીમ કોર્ટમાં બઢતી માટે કોલેજીયમે કરેલી ભલામણની પુનઃ વિચારણા માટે પાછી મોકલી હતી. સરકારનું કહેવું હતું કે દરખાસ્તને સર્વોચ્ચ અદાલતના માપદંડને અનુરુપ નહોતી.સરકારનું કહેવું છે કેસુપ્રીમ કોર્ટમાં કેરળનું પુરતું પ્રતિનિધિત્વ છે. અને જસ્ટીસ જોસેફ કેરળના છે.જસ્ટીસ જોસેફ જુલાઇ ૨૦૧૪થી ઉત્તરાખંડના ચીફ જસ્ટીસ છે અને આ વર્ષે જુન મહિનામાં તેઓ ૬૦ વર્ષના થઇ જશે. ઉલ્લેખનીય છે કે કે.એમ.જોસેફની બેન્ચે જ નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના નિર્ણયને પલટી દીધો હતો અને પછી કોગ્રેસે ઉત્તરાખંડમાં ફરી સરકાર રચી હતી.કોલેજીયમ પુનઃ ભલામણ કરી હોત તો સરકારને કે.એમ.જોસેફની નિમણુંક કરવી પડે તેમ હોઇ હાલમાં કોલેજીયમ પર દબાણ લાવી નિર્ણય લેવા અટકાવી દેવામાં આવ્યો હોય તેમ લાગે છે.જો સરકારના કેટલાક નિર્ણયો સામે સ્પષ્ટ આદેશ આપી દેનારા જજો કોર્ટોમાં મોજુદ હશે તો ન્યાયતંત્રથી સરકાર ચોક્કસ ગભરાશે.નહીતર સરકારને સરમુખત્યાર બનતાં વાર લાગશે નહીં.તેવું કેટલાક નિવૃત જજોએ કરેલા નિવેદનો પરથી લાગી રહ્યું છે.લોકશાહી ખતરામાં છે એવું વારંવાર ગાઇવગાડીને કહનારા જજો સરકારને આપખુદ બનતા રોકવા આલબેલ વગાડી છે.

# જુનાગઢની ગૌશાળામાં છ મહિનામાં ૫૫૦ ગૌમાતાના મોત થયાનો રીપોર્ટ

ગાયમાતાના નામે ચરી ખાનારા રાજકારણીઓને માટે શરમ જનક બાબત છે.ગુજરાતમાં એક તરફ બનાસકાંઠા જિલ્લામાં પાંજરાપોળોને ઘાસચારા અને નિભાવ ખર્ચના અભાવે ગાયોને રખડતી મુકી સરકાર સામે ઊગ્ર વિરોધ પ્રગટ કર્યો છે ત્યારે જુનાગઢમાં પણ આવી એક ઘટના બહાર આવી છે.જુનાગઢ નજીક તોરણીયા ગામ પાસે આવેલી એક ગૌશાળામાં છેલ્લા છ મહિનામાં ૫૫૦થી વધુ ગાયોના મોત નિપજ્યાના અહેવાલો આવ્યા છે.કોર્પોરેશને ગૌશાળાની ક્ષમતા કરતાં વધુ ગાયો આપી હોવાથી પુરતા નિભાવ અને વ્યવસ્થાના અભાવે ગાયોના મોત નિપજ્યા હોવાનું કહેવાઇ રહ્યું છે.ગૌપ્રેમીઓએ આ બાબતે તેમના આકાઓની બરાબર ખબર લેવી જોઇએ. ગાયો માટે સરકારે કોર્પોરેશનની સ્થાપના કરી છે અને તેમાં મોટા મોટા લોકોને ડાયરેકટરો તરીકે નિમણુંકો આપી છે જે સરકારી ખર્ચે જલસા કરે છે.અહીયા ગાયો નાણાં વગર ભુખે મરી રહી છે.

કસાઇઓ ગાયોની કતલ કરે છે તેના કરતાં વધુ કતલો તો નિભાવ ખર્ચ અને ઘાસચારો નહી આપવાથી ભુખે મરતી ગાયોની સંખ્યાનો છે.સરકારે ગાયમાતા માટે મોટી મોટી વાતો કરી છે પરંતુ તેમાં કશુ ખાસ કાંઇ થયું નથી. ગાયમાતાના નામે લાખો રુપીયાનું દાન આપવામાં આવે છે આ બધું જાય છે ક્યાં તેની કેમ કોઇ ગાયમાતાના ભક્તો તપાસ કરતાં નથી.કારણકે ગાય કરતાં ગાયના નામે ચરી ખાનારા લોકોની જમાત વધી ગઇ છે.પછી ગાયોને મરવું નિશ્ચિત બની જાય તેમ છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.